રાજ્ય અને કેન્દ્રના જોઈન્ટ વેન્ચર જી-રાઈડ કંપની દ્વારા પ્રોજેક્ટ હાથ ધરાશે

# અમદાવાદ- રાજકોટ હાઈસ્પીડ ટ્રેનનો હેલિકોપ્ટરથી સરવે થશે

## 22 હજાર કરોડના પ્રોજેક્ટ માટે ટ્રાફિક અને હાલના હાઈ-વેની સમાંતર એલિવેટેડ રૂટ માટે પ્રથમવાર હવાઈ સરવે કરાશે

ભાસ્કર ન્યૂઝ. ગાંધીનગર

અમદાવાદ અને રાજકોટ વચ્ચે 22 હજાર કરોડના ખર્ચે હાઈસ્પીડ ટ્રેન દોડાવવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા નક્કર કામગીરી આગળ ધપાવવામાં આવી છે. આ પ્રોજેક્ટની ફિઝીબીલીટી અને એલિવેટેડ રૂટ નક્કી કરવા માટે પ્રથમવાર એરિયલ સર્વે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે ઈન્ટરનેશનલ એજન્સીને રોકવામાં આવશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા થોડા સમય અગાઉ અમદાવાદ-રાજકોટ વચ્ચે હાઈસ્પીડ ટ્રેન દોડાવવાની જાહેરાત કરવામાં આવી હતી. હવે સરકાર આ પ્રોજેક્ટ ઉપર આગળ વધી રહી છે.

આ પ્રોજેક્ટની કામગીરી ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારના રેલવે મંત્રાલયના જોઈન્ટ વેન્ચર જી-રાઈડ કંપની દ્વારા કરવામાં આવી રહી છે. રાજકોટ અને અમદાવાદ વચ્ચે વર્ષે 50 લાખ લોકો મુસાફરી કરે છે.

હાઈસ્પીડ ટ્રેન દ્વારા માત્ર 2 કલાકમાં અમદાવાદથી રાજકોટ પહોંચી શકાશે તેવા સંજોગોમાં હાઈસ્પીડ ટ્રેનને સંભવત કેટલો ટ્રાફિક મળી શકે, રૂટ શું રાખવો તે સહિતની બાબતોનો સર્વે કરવામાં આવશે.

હાલનો અમદાવાદ- રાજકોટનો જે એક્સપ્રેસ હાઈવે છે તેને સમાંતર જ હાઈસ્પીડ ટ્રેનનો ટ્રેક રાખવાની વિચારણા ચાલી રહી છે. જેથી 220 કિલોમીટરના આ હાઈવેનો હેલિકોપ્ટર અથવા વિમાન દ્વારા એરિયલ સર્વે કરવામાં આવશે.

આ રૂટ ઉપર કેટલા સમયમાં કેટલા વાહનો પસાર થાય છે, કેટલા મુસાફરોની અવરજવર છે. કેટલા પેસેન્જર, કેટલા માસ ટ્રાન્સપોર્ટ અને કેટલા ગૂડ્ઝ વાહનો અવરજવર કરે છે તે સહિતની બાબતો આ સર્વેમાં આવરી લેવાશે.

જમીન સંપાદનમાં સમય વ્યતિત ન થાય તે માટે હાલના એક્સપ્રેસ હાઈવેને સમાંતર એલિવેટેડ ટ્રેકનો વિકલ્પ વિચારવામાં આવ્યો છે. આ તમામ બાબતો અંગે એરિયલ સર્વેનો રીપોર્ટ આવ્યા બાદ નિર્ણય લેવામાં આવશે.

Scanned with CamScanner